# ભારત અકાદમી

"શિક્ષણ એ સિંહણનું દૂધ છે, પીશે તે ત્રાડ તો નાખશે જ"

સ્વસ્તીક આર્કેડ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર, લીલા સર્કલ, ભાવનગર.
૯૦૮૧૯૯૯૬૭/૯૭૧૪૨૭૨૩૬૫



## GPSC Class I/II

- રાજ્ય વેરા નિરીક્ષક (STI),
- પોલીસ ઈન્સ્પેક્ટર (PI)
- નાયબ મામલતદાર (DYSO)

GPSC Geologist, Class-1, Industries & Mines Department Result 2018

# GPSC MODEL PAPER 1

★ ભારત અને ગુજરાતના ઈતીહાસ

★ ભૂગોળ

★ બંધારણ

★ કરન્ટ અફેર્સ

★ ભારત અને ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

★ વિજ્ઞાન અને ટેકનોલોજી

★ અર્થશાસ્ત્ર તથા આંતરાષ્ટ્રિય સંબંધો

★ ગણિત અને રીઝનિંગ

Join On :

FOLLOW US

Bharat Academy

:: PREPARED BY ::
SATISH KOTAR
HIREN BHARWAD

(1) રાવતભાટા (રાજસ્થાન), કૈગા (કર્ણાટક), કલપક્કમ (તમિલનાડુ) અને નરોરા (ઉત્તરપ્રદેશ) વચ્ચે શું સામ્ય છે?

(A) તે પરમાણુ ઊર્જાનાં કેન્દ્રો છે.
(B) તે રેલવે ઉપકરણોનાં ઉત્પાદન કેન્દ્રો છે.
(C) તે સૌર ઊર્જાનાં કેન્દ્રો છે.
(D) તે લશ્કરી સાધનોનાં ઉત્પાદન કેન્દ્રો છે.

(2) વેટલેન્ડ (Wetland) અને તેના રાજ્યોને યોગ્ય રીતે ગોઠવો.

| | | | |
|---|---|---|---|
| (1) | વેલુર | (A) | બિહાર |
| (2) | ચીલકા | (B) | આંધ્રપ્રદેશ |
| (3) | સાંભર | (C) | ઓડિશા |
| (4) | કાબર | (D) | રાજસ્થાન |

(A) 1-A,2-B,3-C,4-D,
(B) 1-D,2-A,3-B,4-C,
(C) 1-C,2-D,3-A,4-B,
(D) 1-B,2-C,3-D,4-A,

(3) કયા બંધારણીય સુધારા અધિનિયમને બે કે તેથી વધુ રાજ્યો માટે રાજ્યપાલની નિમણૂંક કરવી શક્ય બનાવી?

(A) પાંચમો બંધારણીય સુધારા અધિનિયમ
(B) છઠ્ઠો બંધારણીય સુધારા અધિનિયમ
(C)સાતમો બંધારણીય સુધારા અધિનિયમ
(D) આઠમો બંધારણીય સુધારા અધિનિયમ

(4) યોગ્ય જોડકાં જોડો.

| | અ | | બ |
|---|---|---|---|
| (A) | અવિશ્વાસ | (1) | કાર્યપાલિકા નિયંત્રણ |
| (B) | બજેટ | (2) | ન્યાયિક નિયંત્રણ |
| (C) | પરમાદેશ | (3) | વિધાયી નિયંત્રણ |
| (D) | લોકાયુકત | (4) | નાગરીક નિયંત્રણ |

વિકલ્પ :

| | A | B | C | D |
|---|---|---|---|---|
| (A) | 3 | 1 | 2 | 4 |
| (B) | 3 | 1 | 4 | 2 |
| (C) | 2 | 1 | 4 | 3 |
| (D) | 4 | 1 | 2 | 3 |

(5) વિભાગ -1 ને વિભાગ -2 સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

| | વિભાગ - 1 | | વિભાગ - 2 |
|---|---|---|---|
| (1) | રાજ્યના બંધારણીય વડા | (1) | મુખ્યમંત્રી |
| (2) | મંત્રીમંડળના વહીવટ વડા | (2) | સ્પીકર (અધ્યક્ષ) |
| (3) | વિધાનસભાનું સંચાલન કરનાર | (3) | એમ.પી. |
| (4) | ધારાસભ્ય | (4) | રાજ્યપાલ |
| | | (5) | એમ.એલ.એ. |

(A) 1-1,2-4,3-5,4-5,
(B) 1-3,2-4,3-1,4-5,
(C) 1-4,2-1,3-2,4-5,
(D) 1-2,2-3,3-4,4-1,

(6) ભારતની સંસદ શેના દ્વારા મંત્રી પરીષદના કાર્યો ઉપર નિયંત્રણ રાખે છે?

1) મોકૂફી દરખાસ્ત 2) પ્રશ્નકાળ 3) પૂરક પ્રશ્નો

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1,2 અને 3

(7) ભારતના બંધારણના સંદર્ભમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો.......

1) વિધાનસભાના કાર્યો પર પ્રતિબંધ મૂકે છે.

2) કાર્યપાલિકાના કૃત્યો પર પ્રતિબંધ મૂકે છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) 1 અને 2 બંને (D) એકપણ નહી

(8) અટલ ટિન્કરરિંગ મેરાથોનમાં કયા કયા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે?

1) સ્વચ્છ ઉર્જા 2) સ્વાસ્થ્ય સેવા 3) સાયબર સુરક્ષા

4) કૃષિ ટેકનોલોજી 5) બૌધિક સંપદા 6) જળ સંસાધન

(A) 1,2,3 અને 4 (B) 1,3,5 અને 6 (C) 1,2,4 અને 6 (D) 1,2,5 અને 6

(9) 'વર્લ્ડ કોઓપરેટિવ મોનિટર 2018' ના સંદર્ભમાં નીચેનામાંથી કયુ વિધાન સાચું છે?

1) વિશ્વની સૌથી મોટી 300 સહકારી સંસ્થાઓમાં પ્રથમ ક્રમે ઈફકો સંસ્થા છે.

2) ઈફકો (IFFCO) નું પૂરું નામ Indian Farmers Fertiliser Corporation છે.

3) ઈફકોનું વડું મથક નવી દિલ્હી આવેલું છે.

(A) 2 અને 3 (B) 1 અને 3 (C) 1 અને 2 (D) આપેલ તમામ

(10) રસાયણ શાસ્ત્ર નોબેલ વિશે કયા વિધાન સાચું છે?

1) રસાયણશાસ્ત્રનું નોબેલ પ્રાઈઝ એન્ઝાઈમ અને એન્ટીબોડિઝ વિકસીત કરવા માટે ક્રમીક વિકાસની શકિતનો ઉપયોગ કરી નવી દવાઓ અને બાયોફ્યુલના નિર્માણ માટે આપવામાં આવેલ છે.

2) આ નોબેલ પ્રાઈઝ ફ્રાન્સીસ આર્નોલ્ડ જ્યોર્જ સ્મિથ અને આર્થર અશ્કિનને મળેલ છે.

3) રસાયણશાસ્ત્ર ક્ષેત્રે નોબલ પુરસ્કાર મેળવનાર ફ્રાન્સીસ એચ.આર્નોલ્ડ પાંચમાં મહિલા છે.

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 1 અને 3 (D) આપેલ તમામ સાચા છે.

(11) ગાંધીજયંતી 1 વર્ષ સુધી ચાલનારી 150 મી જન્મજયંતીના ઉજવણીના પ્રસંગે ભારતના વિદેશ મંત્રાલય દ્વારા કયું અભિયાન શરૂ કરવામાં આવ્યું?

(A) ગાંધી ફોર હ્યુમીનીટી (B)ઈન્ડિયા ફોર હ્યુમીનીટી

(C) ગાંધી ફોર ઓલ (D)ઈન્ડિયા ફોર ઓલ

(12) તાજેતરમાં યુનાઈટેડ નેશન્સની હ્યુમન રાઈટસ કાઉન્સીલની ચૂંટણીમાં ભારત ચૂંટાયું હતું તેના સંદર્ભમાં નીચેના વિધાનોમાંથી કયું વિધાન સાચુ છે?

1) આ ચૂંટણીમાં બધા ઉમેદવારોમાંથી ભારતને એશિયા - પેસેફિક કેટેગરીમાં 188 મત મળ્યા છે.

2) હ્યુમન રાઈટસ કાઉન્સીલમાં ભારતનો કાર્યકાળ 3 વર્ષનો રહેશે અને 1 જાન્યુઆરી, 2019 થી શરૂ થશે.

3) કોઈપણ દેશને હ્યુમન રાઈટસ કાઉન્સીલમાં ચૂંટાવા માટે ઓછામાં ઓછા 99 સભ્યોના મતની જરૂર પડે છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) ફક્ત 1 અને 2 (D) 1,2 અને 3

...2...

ભારત અકાદમી
શિક્ષણ એ સિંહણનું દૂધ છે, પીશે તે ત્રાડ તો નાખશે જ.
સ્વસ્તિક આર્કેડ, બેંક ઓફ ઈન્ડિયાની ઉપર, લીલા સર્કલ, ભાવનગર.
Mo. 90 81 99 99 67, 97 14 27 23 65

(13) હૈડિયાવેરોની સામેની લડત કયા નામે ઓળખાઇ હતી?
(A) બારડોલી સત્યાગ્રહ (B) બોરસદ સત્યાગ્રહ
(C) વિરમગામ સત્યાગ્રહ (D) ધરાસણા સત્યાગ્રહ

(14) અકબરના સમયમાં વિવિધ ગ્રંથોના ફારસી અનુવાદ સંદર્ભે કઇ બાબત સાચી નથી?
(A)ઇબ્રાહિમ સરહિંદી - અથર્વવેદ (B) મુલ્લાશાહ મહમ્મદ - રાજતરંગીણી
(C) ફૈજી - પંચતંત્ર (D) મૌલના શેરી - હરિવંશ પુરાણ

(15) અંગ્રેજો અને ફ્રેંચો વચ્ચે 1746 થી 1763 દરમિયાન થયેલ વિગ્રહો કયા નામથી ઓળખાયા છે?
(A) પ્લાસીની લડાઇ (B) કર્ણાટક વિગ્રહ (C) બકસર યુદ્ધ (D) ફ્રેંચ વિગ્રહ

(16) પ્રસિદ્ધ ગ્રંથ 'Hindu View of Life' ના લેખક કોણ છે?
(A) રવીન્દ્રનાથ ટાગોર ડો.એસ.રાધાકૃષ્ણન (C) ચિત્તરંજન દાસ (D) દાદા ધર્માધિકારી

(17) નીચેના પૈકી સૌપ્રથમ ગુજરાતી ફિલ્મનું નામ કયું છે?
(A) ભકત વિદુર (B) શેઠ સગાળશા (C) હાતિમભાઇ (D) નરસિંહ મહેતા

(18) નીચે આપેલા તહેવારો અને તિથિને સાચી રીતે જોડતાં યોગ્ય ક્રમ કયો થશે?

| | |
|---|---|
| (1) ગુરુપૂર્ણિમા | (અ) શ્રાવણ વદ આઠમ |
| (2) જન્માષ્ટમી | (બ) ફાગણ સૂદ પૂનમ |
| (3) શરદ પૂર્ણિમા | (ક) માગશર સુદ એકાદશી |
| (4) ગીતાજયંતી | (ડ) આસો સૂદ પૂનમ |
| | (ઇ) અષાઢ સુદ પૂનમ |

(A) 1- (ઇ), 2- (બ), 3- (અ), 4-(ક) (B) 1- (ક), 2- (ડ), 3- (અ), 4-(ઇ)
(C) 1- (બ), 2- (ક), 3- (અ), 4-(ડ) (D) 1- (ઇ), 2- (અ), 3- (ડ), 4-(ક)

(19) ભારતમાં દ્વાદશ જયોતિર્લિંગ સંબંધી માહિતી નીચે દર્શાવી છે તેની સાચી જોડનો યોગ્ય ક્રમ કયો થશે?

| | |
|---|---|
| (1) મલ્લિકાર્જુન | (અ) ગુજરાત |
| (2) ભીમાશંકર | (બ) મહારાષ્ટ્ર |
| (3) ધુશ્મેશ્વર | (ક) આસામ |
| (4) નાગેશ્વર | (ડ) તામિલનાડુ |
| | (ઇ) આંધ્રપ્રદેશ |

(A) 1- (બ), 2- (અ), 3- (ડ), 4-(ક) (B) 1- (ડ), 2- (ઇ), 3- (બ), 4-(ક)
(C) 1- (ઇ), 2- (ક), 3- (બ), 4-(અ) (D) 1- (ક), 2- (ઇ), 3- (અ), 4-(બ)

(20) 'દક્ષિણની દ્વારિકા' ગણાતું પ્રસિદ્ધ 'શ્રીકૃષ્ણ મંદિર' કયાં આવેલું છે?
(A) ગુરુવાયુર (B) જબલપુર (C) મદુરાઇ (D) શ્રવણબેલગોલા

(21) નીચેના પૈકી 'ષડ્દર્શન'માં કોનો સમાવેશ થતો નથી?
(A)સાંખ્ય (B) ન્યાય (C) યોગ (D) જયોતિષ

(22) ભારતના કલા અને પુરાતાત્વિક ઈતિહાસના સંદર્ભમાં નીચેનામાંથી કયા એકનું સૌપ્રથમ નિર્માણ કરાયું હતું?

(A) ભુવનેશ્વર સ્થિત લિંગરાજ મંદિર
(B) ધૌલી સ્થિત ખડકમાંથી બનાવાયેલ હાથી
(C) મહાબલીપુરમ્ સ્થિત ખડકનું સ્મારક
(D) ઉદયગિરિ સ્થિત વરાહ મૂર્તિ

(23) કલમકારી ચિત્રકારી નિર્દિષ્ટ કરે છે :

(A) દક્ષિણ ભારતમાં સુતરાઉ વસ્ત્રો પર હાથથી કરાયેલ ચિત્રકારી
(B) પૂર્વોત્તર ભારતમાં હસ્તશિલ્પ પર હાથથી કરાયેલ ચિત્રકારી
(C) ભારતના પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં ઊની વસ્ત્રો પર બ્લોકથી કરાયેલ ચિત્રકારી
(D) ઉત્તર પશ્ચિમી ભારતમાં સજાવટી રેશમી વસ્ત્રો પર હાથથી કરાયેલ ચિત્રકારી

(24) મધ્યકાલીન ભારતના સાંસ્કૃતિક ઈતિહાસના સંદર્ભમાં નીચેનાં વિધાનો પર વિચાર કરો.

(1) તાલિમક્ષેત્રના સિધ્ધ એકેશ્વરવાદદી હતા તથા મૂર્તિ પૂજાની નિંદા કરતા હતા.

(2) કન્નડક્ષેત્રના લિંગાયત પુનર્જન્મના સિધ્ધાંત પર પ્રશ્ન ચિહ્ન લગાવતા હતા તથા જાતિ, વર્ગક્રમનો અસ્વીકાર કરતા હતા.

ઉપરોક્ત વિધાનોમાંથી કયુ વિધાન સાચું છે?

(A) માત્ર 1
(B) માત્ર 1
(C) 1 અને 2
(D) આમાંથી એકપણ નહી

(25) નીચેની જોડ પર વિચાર કરો.

(1) બોધિગયા - બઘેલખંડ
(2) ખજૂરાહો - બુંદેલખંડ
(3) શિરડી - વિદર્ભ
(4) નાસિક - માલવા
(5) તિરુપતિ - રાયલસીમા

ઉપરોક્તમાંથી કયા સાચાં જોડાયેલાં છે?

(A) 1,2 અને 4
(B) 2,3,4 અને 5
(C) માત્ર 2 અને 5
(D) 1,3,4 અને 5

(26) અજંતા અને મહાબલિપુરમના રૂપમાં જ્ઞાત બે ઐતિહાસિક સ્થાનોમાં કઇ કઇ બાબતો સમાન છે?

1) બંને એક જ સમયકાળમાં નિર્મિત થયેલ છે.
2) બંને એક જ ધાર્મિક સંપ્રદાય સાથે સંબંધીત છે.
3) બંનેમાં શિલાકૃત સ્મારક છે.

નીચેના કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1, 2
(B) માત્ર 3
(C) માત્ર 1, 3
(D) આમાંથી એકપણ નહી

(27) હિમાલય તથા પશ્ચિમઘાટના વધુ ઊંચા પર્વતીય વિસ્તારોમાં કયા પ્રકારના જંગલો જોવા મળે છે?

(A) ભરતીના જંગલો
(B) નિત્ય લીલાં જંગલો
(C) શંકુદ્રુમ જંગલો
(D) ખરાઉ જંગલો

(28) વિષુવવૃત્ત પર હવાનું હલકું દબાણ હોય છે કારણ કે......

(A) વિષુવવૃત્ત પર બારેમાસ ઠંડી પડે છે.
(B) વિષુવવૃત્ત પર બારેમાસ અતિશય ગરમી પડે છે.
(C) પૃથ્વી પરિભ્રમણ ગતિ કરે છે.
(D) દર્શાવેલ પૈકી કોઇ નહિ.

(29) 2011 ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાતના સંબંધમાં કયું વિધાન સાચું નથી?

(A) પ્રતિ કિ.મી. 308 વ્યકિતઓની વસ્તી ગીચતા છે.

(B)સેકસ રેશિયો 915-1000 નો છે.

(C) તેની કુલ વસતી 60439692 છે.

(D) શહેરી વસ્તી 25745083 છે.

(30) GIS નું આખું નામ શું છે?

(A) Ganga Informatoin systems
(B) Geograhic Informatoin systems
(C) General Integrated systems
(D) Geographically Integrated systems

(31) નીચેના પૈકી કયું વાકય યોગ્ય નથી?

1) ભૂપૃષ્ઠની દ્રષ્ટિએ ભારતના પાંચ ભાગ પાડી શકાય છે.

2) હિમાલય એ ત્રણ પર્વતોની હારમાળા છે.

3) દેશમાં સમતલ મેદાનો, દરિયાકિનારાનાં સાંકડા મેદાનો પણ છે.

4) ભારતમાં કોઈપણ 'ટાપુ'દ્વીપ નથી.

(A) 1 (B) 4 (C) 3 (D) 2

(32) નીચેના વિધાનો વાંચો :

1) રેલવે એન્જિનોનું નિર્માણ પશ્ચિમ બંગાળમાં ચિત્તરંજન, ઉત્તરપ્રદેશમાં વારાણસી અને ઝારખંડમાં જમશેદપુરમાં થાય છે.

2) મુસાફરો માટેના ડબ્બા પૈરામ્બૂર, બેંગ્લોર, કપૂરથલા અને કલકત્તામાં બને છે.

(A) માત્ર 1 વિધાન સાચું છે.
(B) માત્ર 2 વિધાન સાચું છે.
(C) બંને 1 વિધાન ખોટા છે.
(D) વિધાન 1 અને 2 સાચા છે.

(33) પાછા ફરતા મોસમો પવનોની બાબતમાં નીચેના વિધાનો વિચારણા લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1) આ પવનો ભારતના ભૂમિ ભાગો તરફથી સમુદ્ર તરફ જાય છે.

2) જમીન ભેજવાળી હોય છે. દિવસે તાપમાન વધુ જાય છે રાત્રી ઠંડી અને ખુશનુમા હોય છે.

3) આકાશ સ્વચ્છ હોય છે.

4) આ પવનોનો ગાળો સપ્ટેમ્બરથી નવેમ્બર સુધીનો હોય છે.

(A) 1,2 અને 4 સાચા છે.
(B) 2,3 અને 4 સાચા છે.
(C) 1,2 અને 3 સાચા છે.
(D) 1,3 અને 4 સાચા છે.

(34) ભારતમાં રાજ્યોની રચનાના સમયને ધ્યાને લઈને કાળક્રમાનુસાર રચાયેલા રાજ્યો પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરો.

1) હિમાચલ પ્રદેશ 2) હરિયાણા 3) આંધ્રપ્રદેશ

4) ત્રિપુરા 5) નાગાલેન્ડ 6) ગોવા

(A) 3,2,5,1,4,6 (B) 3,1,5,2,4,6 (C) 3,2,5,4,1,6 (D) 3,5,2,1,4,6

(35) ભારતમાં આવેલી સેન્કચ્યુઅરી અને રાજ્યોને યોગ્ય રીતે ગોઠવો.

| | અભયારણ્ય | | રાજ્ય |
|---|---|---|---|
| (1) | માલન | (A) | પશ્ચિમ બંગાળ |
| (2) | સોમેશ્વર | (B) | મિઝોરમ |
| (3) | ડોમ્ફા | (C) | કર્ણાટક |
| (4) | જલડપરા | (D) | ઉત્તરાખંડ |

(A) 1-A,2-B,3-C,4-D (B) 1-D,2-C,3-B,4-A
(C) 1-C,2-D,3-A,4-B (D) 1-B,2-C,3-D,4-A

(36) રાષ્ટ્રીય સંસ્થાઓ અને તેમના કાર્યમથકને યોગ્ય રીતે ગોઠવો.

| | | | |
|---|---|---|---|
| (1) | Locust wraming organization | (A) | જોધપુર |
| (2) | Central Sheep Breeding Farm | (B) | જયપુર |
| (3) | National Institute of Agricultural Marketing | (C) | જલંધર |
| (4) | Animal Health Institute | (D) | હિસ્સાર |

(A) 1-A,2-D,3-B,4-C, (B) 1-D,2-B,3-C,4-A,
(C) 1-B,2-C,3-A,4-D, (D) 1-C,2-A,3-D,4-B,

(37) નીચેનામાંથી કયુ વિધાન ભારતીય નાગરીકની મૂળભૂત ફરજો વિશે સાચું છે?
1) આ ફરજોને લાગુ પાડવા માટે કાયદાકીય પ્રક્રિયા પૂરી પાડવામાં આવેલ છે.
2) તે કાનૂની ફરજો સાથે સંબંધીત છે.
(A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) 1 અને 2 બંને (D) એકપણ નહી

(38) નિયત્તમ (NIYATAM) નું પુરુનામ જણાવો.
(A) Niti Initiative to Yield Aspirational Target and Actionable Means
(B) Niti Initiative to Young Aspirational Target and Actionable Means
(C) Niti India to Yield Aspirational Target and Actionable Means
(D) Niti Infrastructure to Yield Aspirational Target and Actionable Means

(39) ભારતમાં અધિકૃત ભાષાના દરજ્જાના સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયુ વિધાન ખરું છે?
1) હિંદી દેવનાગરી લિપિમાં એ ભારત સંઘની અધિકૃત ભાષા છે.
2) બંધારણ વિવિધ રાજ્યોની અધિકૃત ભાષાઓને સ્પષ્ટ કરે છે.
3) જ્યાં સુધી સંસદ માન્યતા પ્રદાન કરે નહી ત્યાં સુધી, ઉચ્ચ ન્યાયાલય અને સર્વોચ્ચ ન્યાયાલયની તમામ કાર્યવાહી અંગ્રેજીમાં જ ચાલશે.
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

(40) 'ગ્રામદાન' નો વિચાર કોણે આપેલો?
(A) ગાંધીજી (B) દાદા ધર્માધિકારી (C) જયપ્રકાશ નારાયણ (D) વિનોબા ભાવે

(41) ભારતીય ન્યાય પ્રણાલીના સંદર્ભમાં નીચેનામાંથી કયુ કથન સત્ય છે?
1) ભારતમાં સર્વોચ્ચ ન્યાયાલય અંતિમ અપીલીય ન્યાયતંત્ર છે.
2) લોક અદાલતમાં આપવામાં આવેલા ચુકાદાને અન્યત્ર પડકારી શકાતો નથી.
(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 તથા 2 બંને (D) બંનેમાંથી એકપણ નહી

(42) જયારે કોઇ ગૌણ ન્યાયાલય કે ટ્રીબ્યુનલને પોતાના અધિકારક્ષેત્રમાં અતિક્રમણ કરવા પર કે કુદરતી ન્યાયની વિરૂધ્ધ કાર્ય કરવા પર રિટ જાહેર કરવામાં આવે છે તે તેને કઇ રીટ કહે છે?

(A) ઉત્પ્રેષણ રિટ　　(B) પ્રતિષેધ રિટ
(C) અધિકાર પૃચ્છા　　(D) બંદી પ્રત્યક્ષીકરણ

(43) કાઉન્સીલરના રાજીનામા અંગે કયું વિધાન ખોટું છે?

(A) કાઉન્સીલર પોતાનું રાજીનામું પ્રમુખને સુપરત કરે છે.
(B) પ્રમુખને મળે તે તારીખથી રાજીનામુ અમલી બને છે.
(C) યોગ્ય રીતે આપેલું રાજીનામુ પરત ખેંચી શકાય છે.
(D) રાજીનામુ અંતિમ અને નિર્ણાયક હોય છે.

(44) 'સંસદીય વિશેષાધિકાર અને મૂળભૂત અધિકાર વચ્ચે સંઘર્ષ થાય ત્યારે વિશેષાધિકાર ચડિયાતો બને છે.' - આવું કયા કેસમાં ઠરાવ્યું હતું?

(A)સી.કે.દફતરી વિ. ઓ.પી. ગુપ્તા
(B) ઉત્તર પ્રદેશ વિવાદ કેસ AIR 1965 S.C. 745
(C) પંડિત એમ.એસ. શર્મા વિ. શ્રી ક્રિષ્નસિંહા
(D) ચિંતામણ રાવ વિ. સ્ટેટ ઓફ એમ.પી.

(45) નીચેનામાંથી સાચા વિધાનો જણાવો.

1) લોકસભાના અધ્યક્ષની ચૂંટણીની તારીખ રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવે છે.
2) લોકસભાના વિઘટન બાદ નવી લોકસભાની પ્રથમ અધિવેશન સુધી અધ્યક્ષ પોતાનું પદ ધારણ કરી શકે છે.

(A) ફક્ત 1　(B) ફક્ત 2　(C) 1 અને 2　(D) એકપણ નહી

(46) લોકસભામાં અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓ માટે આરક્ષણ સંબંધીત નીચેનામાંથી સાચા વિધાનો જણાવો.

1) લોકસભામાં આરક્ષણ સંબંધિત બાબતોનો ઉલ્લેખ અનુચ્છેદ 331માં કરવામાં આવેલ છે.
2) તેઓ સામાન્ય મતવિસ્તારમાંથી ચૂંટણી લડી શકતા નથી.
3) તેમના આરક્ષણની સમય સીમા વધારીને 2020 સુધી કરી દેવામાં આવી છે.

(A) 1,2 અને 3　(B) 1 અને 3　(C) ફકકત 2　(D) ફકકત 3

(47) નીચે આપેલા કોષ્ટકમાંથી ભગવતીકુમાર શર્માની કૃતિઓ વિશે સાચા જોડકા દર્શાવતો વિકલ્પ પસંદ કરો.

| | કૃતિ | | પ્રકાર |
|---|---|---|---|
| (1) | આડબીડ | (A) | નવલકથા |
| (2) | આરતી અને અંગાર | (B) | અનુવાદ |
| (3) | સંભવ | (C) | નવલિકા |
| (4) | સાત યુગોસ્લવ વાર્તાઓ | (D) | છંદ |

(A) 1-A,2-B,3-C,4-D,　　(B) 1-B,2-D,3-A,4-C,
(C) 1-C,2-A,3-D,4-B,　　(D) 1-C,2-B,3-D,4-A,

(48) કયા દેશના રાષ્ટ્રપતિ 26 જાન્યુઆરીની પરેડના મુખ્ય મહેમાન બનશે?

(A) અમેરિકા (B) રશિયા (C) દક્ષિણ આફ્રિકા (D) એકપણ નહી

(49) હાલમાં રાષ્ટ્રીય કક્ષાનો આદિવાસી ઉત્સવ દિલ્હીમાં ઉજવવામાં આવ્યો, તેનું નામ શું છે?

(A) આદિમાનવ - 2018 (B) આદિ મહોત્સવ - 2018

(C) આદિ કલ્યાણ મહોત્સવ - 2018 (D) બિરસા મુંડા મહોત્સવ - 2018

(50) કુસુમ યોજના અંતર્ગત નીચેનામાંથી કયું વિધાન તેના ઉદ્દેશ્યને અનુરૂપ નથી?

(A) ખેડૂતોને પોતાની જમીન પર સોલાર પંપ લગાવવા માટે સબસીડી પૂરી પાડવી.

(B) ભવિષ્યમાં ખેડૂતોની આવક બમણી કરવી.

(C) ખેડૂતોને રાસાયણિક ખાતર તથા બિયારણો ખરીદવા સહાય પૂરી પાડવી.

(D)સોલાર પંપ દ્વારા સિંચાઇ સુરક્ષા પુરી પાડવી.

(51) કયા ઓપરેશન હેઠળ શાકભાજી અને ફળો માટે પ્રાયમરી અને એડવાન્સ પ્રોસેસિંગ સુવિધા માટે ફેડરેશનની સ્થાપના કરવાની બજેટમાં ફાળવણી કરવામાં આવી?

(A) ઓપરેશન રેડ લાઇન (B) ઓપરેશન ગ્રીન લાઇન

(C) ઓપરેશન યલો લાઇન (D) ઓપરેશન બ્લ્યુ લાઇન

(52) નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

1) 2018 ના વસંતોત્સવનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવે છે.

2) વસંતોત્સવની શરૂઆત 1985 થી થઇ હતી.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા

(53) માર્ચ મહિનામાં યોજાયેલ માધવપુરના મેળામાં થયેલ નૃત્ય અને રાજ્ય સાથેનું જોડકું જોડો.

| | | | |
|---|---|---|---|
| (A) | ઇદુ મિષમી | (1) | રાજસ્થાન |
| (B) | પુંગ ચોલમ | (2) | આંધ્રપ્રદેશ |
| (C) | કાલબેલીયા | (3) | મણિપુર |
| (D) | કુચીપુડી | (4) | અરૂણાચલપ્રદેશ |

(A) A-3,B-4,C-2,D-1, (B) A-1,B-2,C-3,D-4,

(C) A-4,B-3,C-1,D-2, (D) A-4,B-3,C-2,D-1,

(54) તાજેતરમાં ઇન્ટરનેશનલ યુનિયન ઓફ કન્ઝર્વેશન નેચર (IUCN) દ્વારા ગુજરાતમાં ઘોરાડની વસ્તી અંગેના રિપોર્ટ અનુસાર :

1) આ રીપોર્ટ અનુસાર 'ધ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' (ઘોરાડ)ની ગુજરાતમાં વસ્તી માત્ર 20 જ રહી છે.

2) આખા ભારતમાં માત્ર મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં જ ઘોરાડની વસ્તી છે.

3) ગુજરાત સરકારે કચ્છના અબડાસા તાલુકામાં નલિયા પાસે ઘોરાડ અભયારણ્ય બનાવ્યું છે.

(A) 1 અને 2 ખોટા (B) 2 અને 3 ખોટા

(C) 1 અને 3 ખોટા (D) બધાં સાચાં

(55) વિશ્વ ન્યુમોનિયા દિવસ ક્યારે ઉજવવામાં આવે છે?
(A) 12 નવેમ્બર (B) 13 નવેમ્બર (C) 14 નવેમ્બર (D) 15 નવેમ્બર

(56) તાજેતરમાં ED ના નવા ચીફની નિમણૂક કરવામાં આવી તેના સંદર્ભમાં નીચેનામાંથી કયુ વિધાન સાચું છે?
1) ED ના નવા ચીફ તરીકે સંજયકુમાર મિશ્રાની નિમણૂક કરવામાં આવી છે.
2) ED એ ભારતની ઈકોનોમિક ઇન્ટેલિજેન્સ એજન્સી છે.
3) ED નું પૂરું નામ Economic Directorate છે.
(A) 2 અને 3 (B) 1 અને 3 (C) 1 અને 2 (D) આપેલ તમામ

(57) રબરના વલ્કેનાઈઝેશનમાં કયું અધાતુ તત્વ ઉપયોગમાં લેવાય છે?
(A) ઓકિસજન (B) ફોસ્ફરસ (C) નાઈટ્રોજન (D)સલ્ફર

(58) કયા ગેસને નોબલ ગેસ તરીકે ઓળખવામાં આવે છે?
(A) કાર્બન ડાયોકસાઈડ (B) નાઈટ્રોજન
(C) રેડોન (D) હિલિયમ

(59) ધ્રુવ હેલિકોપ્ટર વિશે નીચેનામાંથી ખોટાં વિધાન ચકાસો.
1) તે HAL (હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ) દ્વારા બનાવાયેલું સ્વદેશ ડિઝાઇન આધારીત પ્રથમ ALH (એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર) છે.
2) કુદરતી કે કૃત્રિમ સંકટગ્રસ્ત વિસ્તારોમાં દેખરેખ અને બચાવની કામગીરી માટે ઉપયોગ થાય છે.
3) તેની ઝડપ 240 km કલાક છે.
4) તેમાં એકસાથે 10 લોકો બેસી શકે છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 (D) માત્ર 4

(60) ટેસ (TES) ભારતનો કયા ક્ષેત્રે કાર્ય કરતો ઉપગ્રહ છે?
(A) ભૂમિગત જળની જાણકારી (B)સંદેશાવ્યવહાર
(C) જાસુસી (D) ખાણ અને ખનીજ જથ્થાની જાણકારી માટે

(61) બ્રહ્મોસની લાક્ષણીકતાઓ પસંદ કરો.
i) તે સબસોનિક ક્રૂઝ મિસાઇલ છે.
ii) તેની મારકક્ષમતા 290 કિ.મી. છે.
iii) તેમાં રામજેટ (RAMJET) એન્જિનનો ઉપયોગ કરાયો છે.
(A) i & ii (B) ii & iii (C) i & iii (D) i, ii & iii

(62) વોરસો પેકટ ક્યારે અસ્તિત્વમાં આવ્યો હતો?
(A) 1945 (B) 1949 (C) 1955 (D) 1962

(63) રાષ્ટ્રીય બૌદ્ધિક સંપદાનું પ્રતિક ચિહ્ન શું છે?
(A) IP - નાની (B) IP - અરિહંત (C) IP - સિદ્ધાર્થ (D) એકેય નહી

(64) લાળની pH Value કેટલી હોય છે?
(A) 4.8 થી 8.0 (B) 10.5 (C) 6.0 (D) 6.5 થી 7.5

(65) IT Act - 2000 માં સેકશન 66-C માટે કયો ગુનો છે?
(A) હેકીંગ
(B) બીજાના પાસવર્ડનો ઉપયોગ
(C)સાયબર ટેરરીઝમ
(D) મોર્ફીંગ

(66) તબીબ ક્ષેત્રે લખાયેલો વિશ્વનો પ્રથમ ગ્રંથ કોને માનવામાં આવે છે?
(A) આત્રેય સંહિતા
(B) આરોગ્ય મંજરી
(C) ચિકિત્સા સંગ્રહ
(D) વૃક્ષ આયુર્વેદ

(67) મિશન મંગલમ્ યોજના હેઠળ શું કરવામાં આવે છે?
(A)સખી મંડળોને રિવોલ્વિંગ ફંડ પુરુ પાડવું.
(B) મહિલાઓનો રમતોમાં વિકાસ કરવો.
(C) મહિલાઓને કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્રોમાં રોજગારી પૂરી પાડવી.
(D) આઇ.ટી.આઇ. માં પ્રવેશ મેળવતી મહિલાઓને શિષ્યવૃત્તિ આપવી.

(68) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનામાં શું કરવામાં આવે છે?
(A) ગરીબી રેખા હેઠળના કુટુંબોને પ્રસૂતિ લાભ આપવામાં આવે છે.
(B) યોજના હેઠળ સરકારી અને બિન-સરકારી દવાખાનાંની નોંધણી કરાય છે.
(C) A અને B બંને
(D) વાર્ષિક રૂ.50,000 થી ઓછી આવક ધરાવનાર પરિવારના રૂ.2 લાખ સુધીના જીવન વિમાનુ 70% પ્રિમિયમ સરકાર ભરે છે.

(69) લેખાનુદાન એટલે શું?
(A) ધારાગૃહ જે બજેટને મંજૂરી આપે તે
(B) નાણાં ખરડાને મંજૂરી આપે તે
(C) નવા નાણાંકીય વર્ષ માટે અંદાજીત ખર્ચને અગાઉથી ગ્રાન્ટ સ્વરૂપે ધારાગૃહ મંજૂરી આપે છે.
(D) એકત્રિત નિધિમાંથી ખર્ચને મંજૂરી અપાય તે

(70) આવકવેરા ખાતા દ્વારા શરૂ કરેલ TRACES નું પુરુનામ શું છે?
(A) TDS Record Analysis and correction Enabling System
(B) TDS Reconciliation Analysis and correction Enabling System
(C) Tax Rate and Computer Excess System
(D) A, B, C પૈકી એકપણ નહી

(71) લેણદેણની તુલાની કઇ અસમતુલાને મૂળભૂત અસમતુલા કહે છે?
(A) મૂડી ખાતાની અસમતુલા
(B) ટૂંકા ગાળાની અસમતુલા
(C)લાંબા ગાળાની અસમતુલા
(D) એકપણ નહી

(72) અવમૂલ્યન ક્યારે સફળ થાય?
1) નિકાસ થતી અને આયાત થતી વસ્તુઓની માંગ મૂલ્ય સાપેક્ષ હોય ત્યારે
2) નિકાસલક્ષી વસ્તુઓનું ઉત્પાદન પૂરતા પ્રમાણમાં થતું હોય તો
3) અન્ય દેશો તેમના ચલણોનું અવમૂલ્યન ના કરે તો
4) અવમૂલ્યન કરનારા દેશમાં ફુગાવો થાય
ઉપરનામાંથી શું સાચું છે?
(A) 3,4
(B) 2,4
(C) 1,2,3
(D) 1,4

(73) વિદેશી કંપનીઓના મૂડીરોકાણથી કયો લાભ થાય છે?

1) સ્થાનિક શ્રમિકોને આધુનિક ટેક્નોલોજી સાથે કામ કરવાની તાલીમ મળે છે.

2) વિદેશી રોકાણથી અર્થતંત્રના એક ક્ષેત્રમાં આવતી આધુનિક ટેકનોલોજી પછી અર્થતંત્રના અનેક ક્ષેત્રોમાં પ્રસરે છે.

3) નવું મૂડીરોકાણ આવવાથી દેશની આર્થિક વૃદ્ધિ વેગ પકડે છે.

4) દેશના ઉત્પાદન અને રોજગારીમાં ઘટાડો થાય છે.

ઉપરનામાંથી શું સાચું છે?

(A) 1,3 (B) 1,2,3 (C) 3,4 (D) 1,3

(74) નીચેના વિધાનો વાંચો :

1) ગેટના સ્થાપક દેશોમાં ભારતનો સમાવેશ નથી.

2) WTO ના આરંભના સભ્ય દેશોમાં ભારતનો સમાવેશ નથી.

3) દોહા પરિષદમાં ભારતે બહુપક્ષીય વ્યાપાર વ્યવસ્થામાં નવા મુદ્દા ઉમેરવાની દરખાસ્તનો જબરદસ્ત વિરોધ કર્યો.

4) બાલી પરિષદમાં અન્ન સબસીડીના મુદ્દે ભારત સાથે બીજા 32 દેશો જોડાયા.

ઉપરનામાંથી શું સાચું છે?

(A) 1,3,4 (B) 1,2,3 (C) 3,4 (D) 1,2

(75) ટ્રિપ્સ સમજૂતીમાં શાનો સમાવેશ કરાયો છે?

(A) કોપીરાઇટ, પેટન્ટ, ટ્રેડ માર્ક

(B) ઔદ્યોગિક ડિઝાઇન, ઈન્ટિગ્રેડ સર્કિટ

(C) ભૌગોલિક નિર્દેશો અને જાહેર ન થયેલી માહિતી

(D) ઉપરોક્ત તમામ

(76) કસ્ટમ્સ યુનિયન એટલે શું?

(A) દેશો વચ્ચે મુક્ત વ્યાપાર અને વિદેશી ચીજો માટે સમાન જકાત

(B) દેશો વચ્ચે મુક્ત વ્યાપાર અને વિદેશી ચીજો પર જુદી જુદી આયાત જકાત

(C) દેશો વચ્ચે આયાત જકાતના નખાય

(D) દેશો વચ્ચે એક જ ચલણ

(77) રાષ્ટ્રીય જળમાર્ગ -1 નો વિસ્તાર નીચે પૈકી કયો છે?

(A) કોટ્ટાપુરમ - કોલમ્

(B) અલાહાબાદ - હલ્દિયા

(C)સાદિયા - ધુબરી

(D) કાકીનાડા - ગોદાવરી - કૃષ્ણા નદીનો વિશેષ વિસ્તાર

(78) નીચે દર્શાવેલ રાજ્યો પૈકી કયું રાજ્ય કુલ સૌથી વધુ કિલોમીટરના રાજ્ય ધોરીમાર્ગ (State Highways) ધરાવે છે?

(A) ગુજરાત (B) આંધ્રપ્રદેશ (C) રાજસ્થાન (D) કર્ણાટક

(79) રાષ્ટ્રીય મત્સ્ય વિકાસ બોર્ડનું મુખ્યાલય ક્યાં આવેલું છે?

(A) કોલકાતા (B) હૈદરાબાદ (C) મુંબઈ (D) પણજી

(80) નીચેનામાંથી કઇ ભારતની આર્દ્રભૂમિ રામસર કન્વેન્શનનો ભાગ નથી?

(A) નળ સરોવર - ગુજરાત (B) ભોજ આર્દ્રભૂમિ - મધ્યપ્રદેશ

(C) કોલ્લેરુ સરોવર - આંધ્ર પ્રદેશ (D) થોળ સરોવર - ગુજરાત

(81) ......... ને બચાવવા કચ્છના લાલા અભયારણ્યમાં ખેડૂતોએ અકાર્બનિક ખાતર અને ઝેરી જંતુનાશકનોનો ઉપયોગ ન કરવાનો નિર્ણય કર્યો છે.

(A) ઘોરાડ (B) બળા જળકૂકડી (C) ઘુડખર (D) કોઇપણ નહી

(82) નીચેના પૈકી કયા સરોવરનો હિન્દુ ધર્મગ્રંથો મુજબ પવિત્ર પંચસરોવર તીર્થસ્થળમાં સમાવેશ થતો નથી?

(A) નારાયણ સરોવર - ગુજરાત (B) પુષ્કર સરોવર - રાજસ્થાન

(C) ક્રિષ્ણા સરોવર - તેલંગણા (D) પંપા સરોવર - કર્ણાટક

(83) જેને સપ્તસંગમ તરીકે પણ ઓળખવામાં આવે છે, એવી વૌઠામાં મળતી સાત નદીઓની સૂચિમાં નીચેના પૈકી કઇ નદી નથી?

(A)સાબરમતી (B) માઝમ (C) મેશ્વો (D) ભાદર

(84) ભારતના વન સર્વેક્ષણ -2017 પ્રમાણે ગુજરાતના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન ખોટું છે?

1) ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારમાં 4% થી થોડું વધુ વૃક્ષ આવરણ (ટ્રી કવર) છે.

2) 2015ની તુલનામાં સમગ્ર ભારતમાં ગુજરાતે મેનગ્રુવ આવરણના (મેનગ્રુવ કવર) વ્યાપ સંદર્ભે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1 સાચું (B) ફક્ત 2 સાચું

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા

(85) નીચેના પૈકી કઇ સંસ્થાએ કેસર કેરીઓ માટે પ્રતીક ચિહ્ન, લોગો વિકસાવવાની અને તેની નોંધણીની પ્રક્રિયા શરૂ કરી છે?

(A) ગીર કૃષિ વસંત ઉત્પાદન સંઘ (B) કેસર કેરી કૃષિ સંગઠન

(C) ગીર સોમનાથ કેરી કૃષિ સંઘ (D) ઉપરોક્તમાંથી કોઇ નહી

(86) નીચેના પૈકી કઇ જોડી સાચી રીતે જોડાયેલ નથી?

| નદી | રાજ્યો વચ્ચેનો વિવાદ |
|---|---|
| (A) કૃષ્ણા | મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ |
| (B) મહાદયી | ગોવા, કર્ણાટક |
| (C) કાવેરી | તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કેરળ, પોંડિચેરી |
| (D) નર્મદા | ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર |

(87) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) ઉનાળા દરમિયાન ITCZ બેલ્ટ ઉપર ઉત્તરીય મેદાનોમાં ગરમ અને સૂકો પવન ફૂંકાય છે તેને લૂ કહેવાય છે.

(B) આમ્રવર્ષા ચોમાસાના વરસાદ પૂર્વેના વરસાદ માટે વપરાતો શબ્દ છે.

(C) બંગાળ અને અસમમાં સાંજુ ફૂંકાતા ભયંકર વાવાઝોડાને ઉત્તર પશ્ચિમી કાલ બૈસાખી (નોર્વેસ્ટર્સ) કહેવાય છે.

(D) ઉપરોક્તમાંથી કોઇ નહીં

(88) સૂચિ -I અને સૂચિ -II ને સાચી રીતે જોડો.

| | સૂચિ -I : ઉત્પાદન | | સૂચિ -II : યોગ્ય જમીન |
|---|---|---|---|
| (1) | કોફી | (A) | ઊંડી કાળી માટીવાળી જમીન |
| (2) | તમાકુ | (B) | કોરી રેતાળ, કોહવાયેલી વનસ્પતિથી બનેલી ચીકણી માટીયુક્ત જમીન |
| (3) | કપાસ | (C) | ચીકણી, ફળદ્રુપ, સેન્દ્રિય, આયર્ન અને કેલ્શિયમવાળી જમીન |
| (4) | મકાઇ | (D) | કોરી, કાંપવાળી અથવા લાલ ચીકણી માટી, રેતી અને કોહવાયેલી વનસ્પતિથી બનેલી જમીન |

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) 1-A,2-B,3-C,4-D, (B) 1-B,2-C,3-D,4-A,
(C) 1-C,2-B,3-A,4-D, (D) 1-D,2-A,3-B,4-C,

(89) નીચેના પૈકી કયું કેબિનેટ મિશન પ્લાનનું ઘટક ન હતું?

(A) પ્રાંતોનું જૂથ બનાવવું (B) ભારતીયો માટે વચગાળાની કેબિનેટ
(C) પાકીસ્તાનનો સ્વીકાર (D) ઉપરના તમામ

(90) ભારતીય બંધારણમાં કાયદા સમક્ષ સમાનતા સંદર્ભે નીચેના પૈકી કઇ બાબત અપવાદ છે?

(A) રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ (B) વિદેશી સાર્વભૌમત્વ માત્ર
(C) ફક્ત રાષ્ટ્રપતિ (D) ઉપરોકતમાંથી કોઇ નહિ

(91) 'ભારતની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતા જાળવી રાખવી, તેનું રક્ષણ કરવું' તે માટેની જોગવાઇ નીચેના પૈકી કયામાં કરવામાં આવેલી છે?

(A) બંધારણના આમુખમાં (B) રાજ્યનીતિના નિર્દેશક સિધ્ધાંતોમાં
(C) મૂળભૂત અધિકારોમાં (D) મૂળભૂત ફરજોમા

(92) નીચેના પૈકી કયા સુશાસનના સાધન છે?

1) સામાજિક ઓડિટ 2) શકિતઓનું પૃથક્કરણ
3) નાગરીક સનદ 4) માહિતી અધિકાર

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) 1,3 અને 4 (B) 2,3 અને 4 (C) 1 અને 4 (D) 1,2,3 અને 4

(93) સર્વોચ્ચ અદાલતે કયા મુકદ્દમામાં એવું કહ્યું છે કે, સંસદ કલમ 368 હેઠળ મૂળભૂત અધિકારોમાં સુધારો કરી શકે નહિ?

(A) શંકરી પ્રસાદ વિરૂધ્ધ ભારત ગણરાજ્ય (B) ગોલકનાથ વિરૂધ્ધ પંજાબ રાજ્ય
(C)સજ્જનસિંહ વિરૂધ્ધ પંજાબ રાજ્ય (D) કેશવાનંદ ભારતી મુકદ્દમો

(94) જાહેર સાહસો અંગેની સમિતિની રચના.............. ની ભલામણથી કરવામાં આવી છે.

(A) વહીવટી સુધારણા સમિતિ (B) રાજમન્નાર સમિતિ
(C) કૃષ્ણ મેનન સમિતિ (D) ઉપરોકતમાંથી કોઇ નહિ

(95) ભારતના નાગરીકનો કોઇ પણ અનુભાગ જો ભિન્ન ભાષા, લિપિ અથવા સંસ્કૃતિ ધરાવે છે તેને :
(A) તેના સંરક્ષણનો મૂળભૂત અધિકાર છે.
(B) તેના સંરક્ષણનો કોઇ અધિકાર નથી.
(C) તેના સંરક્ષણ અને જાળવણી માટેનો સંપૂર્ણ પ્રતિબંધ છે.
(D) ઉપરોકતમાંથી કોઇ નહિ

(96) નીચેના પૈકી કયામાં રાજયસભાના વિશિષ્ટ ક્ષેત્રાધિકાર છે?
(A) કટોકટીની જાહેરાત
(B) રાજયોની રચના અને નાબૂદી
(C) ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી
(D) રાજય સૂચિમાં સામેલ વિષય ઉપર કાયદો ઘડવા સાંસદને અધિકાર આપવા

(97) નીચેનામાંથી કયો રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાર મંડળનો ભાગ છે, પરંતુ તેના તહોમતનામા માટે ન્યાયાધિકરણનો ભાગ નથી?
(A)લોકસભા
(B) રાજય વિધાનસભાઓ
(C) રાજયસભા
(D) રાજય વિધાન પરિષદ

(98) માનવ અધિકાર આયોગ અધિનિયમ, 1993 મુજબ નીચેના પૈકી કોણ તેના અધ્યક્ષ હોઇ શકે છે?
(A)સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ અથવા ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ
(B) માત્ર નિવૃત્ત સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ
(C)સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ
(D) 20 વર્ષના વ્યાવસાયિક અનુભવવાળા કોઈપણ વકીલ

(99) લોકસભામાં સૌથી વધુ અનુસૂચિત જનજાતિઓ માટે આરક્ષીત બેઠકવાળું રાજય ........... છે.
(A) બિહાર
(B) ગુજરાત
(C) ઉત્તરપ્રદેશ
(D) મધ્યપ્રદેશ

(100) ભારતના એકત્રિત ભંડોળમાંથી, ભંડોળ ઉપાડની અધિકૃતતા ............. પાસેથી આવવી જરૂરી છે.
(A) ભારતના રાષ્ટ્રપતિ
(B) ભારતની સંસદ
(C) ભારતના પ્રધાનમંત્રી
(D) ભારતના વિત્તમંત્રી

(101) નીચેના પૈકી કયા અધિનિયમથી ભારતમાં દ્વિસદનીયતાની પદ્ધતિ શરૂ થઇ?
(A) ચાર્ટર એકટ, 1853
(B) ભારત સરકાર અધિનિયમ, 1919
(C) ભારત સરકાર અધિનિયમ, 1858
(D) ભારત સરકાર અધિનિયમ, 1935

(102) જિલ્લા આયોજન સમિતિઓની રચના કોના દ્વારા ફરજિયાત કરવામાં આવી છે?
(A) 73માં બંધારણીય સુધારા અધિનિયમ
(B) 74માં બંધારણીય સુધારા અધિનિયમ
(C)સી.એચ.હનુમંતા રાવ સમિતિ
(D) દાંતેવાલા સમિતિ

(103) ગુજરાતમાં પંચાયતી રાજના અમલ માટેની લોકશાહી વિકેન્દ્રીકરણ સમિતિના અધ્યક્ષ કોણ હતા?
(A) જીવરાજ મહેતા
(B) રસિકલાલ પરીખ
(C) બળવંતરાય મહેતા
(D)લાભશંકર મહેતા

(104) નીચેના પૈકી કઇ સમિતિ પંચાયત સુધારણા સમિતિ હતી?

(1) રિખવદાસ શાહ સમિતિ (2) ઝીણાલાલ દરજી સમિતિ
(3) ખોડીદાન ઝુલા સમિતિ (4) ડો.મીશ્રા સમિતિ
(A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) ફક્ત 1 અને 2 (D) આપેલા તમામ

(105) ગ્રામ પંચાયત અને ગ્રામસભા વચ્ચે મંત્રીમંડળ અને ધારાગૃહ જેવો સંબંધ હોવો જોઈએ. ગ્રામસભા અને પંચાયત બીનપક્ષીય હોય તે જરૂરી છે, નહિ તો સ્વ-રાજ્ય નહિ પણ સ્વ-અધોગતિ - નાશને પંથે લઈ જશે.
ઉપરોક્ત વિધાન કોનું છે?
(A) જયપ્રકાશ નારાયણ (B) ગાંધીજી
(C) વિનોબા ભાવે (D) બળવંતરાય મહેતા

(106) ગામના તલાટીએ વાર્ષિક મહેસૂલી હિસાબ કઇ તારીખે પૂર્ણ કરી તાલુકામથકે મોકલવાનો હોય છે?
(A) 31 માર્ચ (B) 31 જુલાઇ (C) 31 ઓગસ્ટ (D) 31 ડિસેમ્બર

(107) તાલુકા પંચાયતમાં તાલુકાની વસ્તીના ધોરણે તાલુકાના મતદારમંડળની રચના કોણ કરે છે?
(A) રાજ્ય ચૂંટણી પંચ (B) જિલ્લા વિકાસ અધિકારી
(C) તાલુકા વિકાસ અધિકારી (D) વિકાસ કમિશ્નર

(108) નીચેના પૈકી કયા રાજ્યમાં પંચાયતી રાજનો કાયદો લાગુ પડતો નથી?
(A) જમ્મુ અને કાશ્મીર (B) નાગાલેન્ડ
(C) પંજાબ (D) કેરળ

(109) પંચાયતી રાજનો પ્રથમ આરંભ કયાં થયો હતો?
(A) તામિલનાડુ (B) ગુજરાત (C) આંધ્રપ્રદેશ (D) રાજસ્થાન

(110) બંધારણના 74માં સુધારા અન્વયે કયા અનુચ્છેદમાં નગરપાલીકાઓ બાબતની જોગવાઈઓ ઉમેરવામાં આવી?
(A) અનુચ્છેદ -241 (B) અનુચ્છેદ -242
(C) અનુચ્છેદ -243 (D) અનુચ્છેદ -245

(111) નીચેની પૈકી કઇ સંસ્થા દ્વારા રાજ્યની પંચાયત સંસ્થાઓની નાણાકીય સ્થિતિ ચકાસવામાં આવે છે અને કરવેરા તથા અન્ય બાબતોની ફાળવણી માટે રાજ્ય સરકારને ભલામણ કરે છે?
(A) જિલ્લા આયોજન મંડળ (B) રાજ્ય ફાયનાન્સ કમિશન
(C) રાજ્યના નાણાં મંત્રીશ્રી (D) રાજ્યના પંચાયત મંત્રીશ્રી

(112) 'દરેક રાજ્યમાં ગામ, મધ્યવર્તી અને જિલ્લા સ્તરે પંચાયતની રચના કરવી ફરજિયાત છે.' આ જોગવાઈ બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવી છે?
(A) 243 B (1) (B) 243 A (C) 243 C (1) (D) 243 D (1)

(113) પંચાયતોને કર નાખવાની સત્તા અને રાજ્યના એકત્રિત ફંડમાંથી સહાયક અનુદાન આપવાની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે?
(A) 243 ચ (B) 243 છ (C) 243 જ (D) 243 ઝ

(114) તલાટી કમ મંત્રી માટે મંત્રીઘર કે જે તે ગામમાં રહેવું............ ગણાય.
(A) મરજિયાત (B) ફરજિયાત
(C) અનિશ્ચિત (D) અનુકૂળતા અનુસાર

સ્વસ્તિક આર્કેડ, બેંક ઓફ ઈન્ડિયાની ઉપર, લીલા સર્કલ, ભાવનગર.
Mo. 90 81 99 99 67, 97 14 27 23 65

(115) નીચેનામાંથી કયું જોડકું સાચું નથી?

(1) સમરસ -સર્વ સંમત ગ્રામ પંચાયત

(2) ગોકુળગ્રામ - ગામના વિવિધ પ્રશ્નોનું ઝડપી નિવારણ

(3) પંચવટી - આનંદ પ્રમોદ માટે બાગબગીચા

(4) ઇ-ગ્રામ - કમ્પ્યૂટર નેટવર્કથી ગામડાઓમાં ઝડપી સરકારી સેવા

(A) 2 (B) 3 (C) 1 (D) 4

(116) નીચેના પૈકી કયું વિધાન SARAS બાબતે ખોટું છે?

(A) SARAS PT1N એ સ્વદેશી પરિવહન વિમાનની અપગ્રેડ કરાયેલી આવૃત્તિ છે.

(B) તે નેશનલ એરોનોટિકલ લેબોરેટરી દ્વારા વિકસાવવામાં આવેલ છે.

(C) તે 140 બેઠકોવાળું પ્રવાસી વિમાન છે.

(D) ઉપરના તમામ

(117) ભારતે નીચેના પૈકી કયા દેશ પાસેથી બરાક એન્ટિ મિસાઇલ ડિફેન્સ સિસ્ટમ ખરીદી છે?

(A) ફ્રાન્સ (B) USA (C) રશિયા (D)ઇઝરાયેલ

(118) WIMAX નીચેના પૈકી કઇ ટેક્નોલોજી સાથે સંબંધ ધરાવે છે?

(A)સંચાર ટેક્નોલોજી (B) બાયો ટેક્નોલોજી

(C) મિસાઇલ ટેક્નોલોજી (D) અવકાશ ટેક્નોલોજી

(119) નીચેનામાંથી કયા શહેરમાં ટાટા-બોઈંગ સંયુક્ત સાહસે અપાચે હેલિકોપ્ટર માટે, વાયુયાનના ચોખટાની વાંતરીક્ષ સુવિધા સ્થાપિત કરી છે?

(A) ચેન્નાઇ (B) મુંબઇ (C) હૈદરાબાદ (D) અમદાવાદ

(120) 133 દેશોની વૈશ્વિક અગ્નિ શકિત સૂચિ 2017 મુજબ લશ્કરી કૌશલ્યની દ્રષ્ટીએ ભારત ........... સ્થાને છે.

(A) ત્રીજા (B) ચોથા (C) પાંચમા (D) છઠ્ઠા

(121) ભારતે પોખરણમાં M-777 અલ્ટ્રા લાઇટ હોવિત્ઝરોનું અગ્નિ પરીક્ષણ .............. ના સહયોગથી કર્યું.

(A) સ્વિડન (B) પોર્ટુગલ (C) ફ્રાન્સ (D) USA

(122) અણુ અપ્રસાર સંધિમાં (Nuclear Non - Proliferation Treaty) નીચેના પૈકી કયા પાંચ રાષ્ટ્રને અણુશાસ્ત્ર રાષ્ટ્રની માન્યતા આપવામાં આવી છે?

(A) USA, ચીન, ફ્રાન્સ, રશિયા, UK (B) ભારત, ચીન, ઇઝરાયેલ, ઉત્તર કોરિયા, UK

(C) UK, USA, ઇઝરાયેલ, ચીન, ભારત (D) ફ્રાન્સ, જર્મની, UK , ચીન, ભારત

(123) ભારતીય સંરક્ષણના સંદર્ભમાં ધ્રુવ શું છે?

(A) હવાઇ જહાજ વહન કરનાર યુધ્ધ જહાજ (B) પ્રક્ષેપાસ્ત્ર વહન કરનાર સબમરીન

(C) અદ્યતન હલકું હેલિકોપ્ટર (D) ઉપરોકતમાંથી કોઇ નહીં

(124) વ્યાવસાયિક અથવા અન્ય હેતુ માટે અનિચ્છિત ઇમેઇલ્સ મોકલવાને .............. કહેવાય છે.

(A) ફિશિંગ (B)સ્પામિંગ

(C) હેકિંગ (D) ઉપરોકતમાંથી કોઇ નહીં

(125) 'Wi Max' નીચેના પૈકી કોની સાથે સંબંધીત છે?
(A) બાયોટેક્નોલોજી (B) મિસાઇલ ટેક્નોલોજી
(C)સંચાર/ કમ્યુનિકેશન ટેક્નોલોજી (D) ઉપરોક્ત બધા જ

(126) રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (DRDO)ની સ્થાપના કયા વર્ષમાં થઇ હતી?
(A) 1955 (B) 1956 (C) 1957 (D) 1958

(127) ભારતની સૌપ્રથમ સ્વદેશી સોલાર હાઇબ્રિડ ઇલેક્ટ્રીક કાર નીચે પૈકી કઇ સંસ્થા દ્વારા વિકસિત કરવામાં આવી છે?
(A) ISRO (Indian Space Research Organisation)
(B) DRDO (Defence Research and Development Organisation)
(C) CSIR (Council of scientific and Industrial Research)
(D) ઉપરના પૈકી એકપણ નહી

(128) કયા દેશની નૌસેનાએ સ્વદેશનિર્મિત ‘હર્બા’ નૌસન્ય ક્રૂઝ મિસાઇલનું જાન્યુઆરી, 2018માં સફળ પરીક્ષણ કરેલ છે?
(A) ઉત્તર કોરિયા (B) જાપાન (C) પાકિસ્તાન (D) ચીન

(129) આઇચી લક્ષ્યાંકો નીચેના પૈકી કઇ બાબત સાથે સંબંધીત છે?
(A) મેન્ટ્રીયલ પ્રોટોકોલ (B) જૈવિક વિવિધતા પર સંમેલન
(C) રામસર સંમેલન (D) ઉપરના પૈકી કોઇ નહીં

(130) વિશ્વ વન્યજીવ દિવસ નો વિષય ............. છે.
(A) મોટી શિકારી બિલાડીઓ ખતરા હેઠળ (Big cats : Predators under threat)
(B) મોટી બિલાડીઓનું રક્ષણ કરવા માટેનો સમય (Big cats : time to protect)
(C) નાની બિલાડીઓ, સરીસૃપ ખતરા હેઠળ (Small cats : Reptiles under threat)
(D) મોટી બિલાડીઓ, નાના પક્ષીઓ ખતરા હેઠળ (Big cats : Small birds under threat)

(131) વૈશ્વિક નાગોયા પ્રોટોકોલ નીચેનામાંથી કઇ બાબતની સમજૂતી છે?
(A) આનુવંશિક સંસાધનોના ઉપયોગથી ઉદ્‌ભવતા ન્યાયપૂર્ણ લાભોની વહેંચણી
(B) આબોહવા પરિવર્તન અંગેનો કરાર
(C) અક્ષય વિકાસ અંગેનો કરાર
(D) આબોહવા પરિવર્તન અંગેનો પ્રોટોકોલ

(132) નીચેના પૈકી કયું મુખ્ય પર્યાવરણ આંતરરાષ્ટ્રીય સંમેલન, જોખમી પદાર્થ સંબંધિત નથી?
(A) બેસેલ સંમેલન (B) રામસર સંમેલન
(C) રોટરડેમ સંમેલન (D)સ્ટોકહોમ સંમેલન

(133) નીચેના પૈકી કયા ગ્રીન હાઉસ વાયુથી મહત્તમ વૈશ્વિક ઉષ્ણતાની (GWP) સંભાવના છે?
(A) કાર્બન ડાયોકસાઇડ (B) હાઇડ્રો ફ્લોરો કાર્બન
(C) મિથેન (D) નાઇટ્રસ ઓકસાઇડ

(134) નીચેનામાંથી કયું એસિડ વરસાદનું કારણ છે?
(A) કાર્બન ડાયોકસાઇડ (B) ક્લોરો ફ્લોરો કાર્બન
(C) સલ્ફર ડાયોકસાઇડ (D) હાઇડ્રો કાર્બન

(135) પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, 2016 અનુસાર પ્લાસ્ટિકની થેલીની ન્યૂનતમ જાડાઇ કેટલી હોવી જોઇએ?
(A) 40 માઇક્રોન (B) 45 માઇક્રોન (C) 55 માઇક્રોન (D) 50 માઇક્રોન

(136) ભારત સરકાર દ્વારા દેશના 10 મુખ્ય શહેરોમાં વાયુ પ્રદૂષણના સ્તરના છ માપદંડોને જુદા જુદા રંગોમાં પ્રદર્શિત કરવા માટે 'રાષ્ટ્રીય વાયુ ગુણવત્તા સૂચકાંક' ક્યારે અમલમાં મૂકવામાં આવેલ હતો?
(A) એપ્રિલ, 2014 (B) જૂન, 2014 (C) એપ્રિલ, 2015 (D) જાન્યુઆરી, 2016

(137) ભારતમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ પ્રથમ વખત કયા વર્ષમાં રાષ્ટ્રીય વન નીતિની ઘોષણા કરવામાં આવી હતી?
(A) ઇ.સ. 1952 (B) ઇ.સ. 1956 (C) ઇ.સ. 1962 (D) ઇ.સ. 1970

(138) ભારતીય ઉષ્ણ કટિબંધીય મોસમ વિજ્ઞાન સંસ્થા કયાં આવેલી છે?
(A) મુંબઇ (B) દિલ્હી (C) પુના (D) બેંગાલુરુ

(139) એન્વાયર્નમેન્ટલ પ્રોટેકશન એકટ કયારથી અમલમાં આવેલ હતો?
(A) 1980 (B) 1984 (C) 1986 (D) 1990

(140) વર્લ્ડ ઇકોનોમિક ફોરમના ઇન્કલુસિવ ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ 2018માં ભારતનો ક્રમ .......... મો છે.
(A) 60 (B) 62 (C) 66 (D) 72

(141) ONGC દ્વારા નીચેના પૈકી કઇ કંપનીમાં સમગ્ર સરકારી હિસ્સો હસ્તગત કરવામાં આવશે?
(A) ભારત પેટ્રોલિયમ (B) બ્રિટિશ પેટ્રોલિયમ
(C) HPCL (D) SHAIL

(142) ભારત સરકારે વર્ષ 2018 ને ............... તરીકે જાહેર કર્યુ છે.
(A) બાગરીનું રાષ્ટ્રીય વર્ષ (B) દરિયાઇ ખોરાકનું રાષ્ટ્રીય વર્ષ
(C) મસાલાનું રાષ્ટ્રીય વર્ષ (D) ડાંગરનું રાષ્ટ્રીય વર્ષ

(143) નીચેના પૈકી કયા સોશ્યલ નેટવર્ક પ્લેટફોર્મે નાના અને મધ્યમ કદના સાહસો માટે 'બિઝનેસ' એપ શરૂ કરી છે?
(A) વોટ્સએપ (B) ફેસબુક (C) ટિવટર (D) ઈન્સ્ટાગ્રામ

(144) ગુજરાતમાં નીચેની પૈકી કઇ કંપનીએ સ્ટાર્ટઅપ્સ માટે 'એકસલીરેટર સેન્ટર' ની જાહેરાત કરી?
(A) દેવ ઇન્ફર્મેશન ટેક્નોલોજી લી. (B) વર્ચ્યુઅલ રીઆલીટી ટેક્નોલોજી લી.
(C) E-GCO ટેક્નોલોજી લી. (D) E-Bizz ટેક્નોલોજી લી.

(145) RBI અનુસાર વર્ષ 2016-17 દરમિયાન, નીચેના પૈકી કયો દેશ સીધા વિદેશી રોકાણ (FDI) નો સૌથી મોટો સ્ત્રોત હતો?
(A) USA (B) મોરિશિયસ (C) સ્વિટ્ઝર્લેન્ડ (D) જાપાન

(146) માનવ વિકાસ સૂચકઆંક બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે?

i) જો માનવવિકાસ સૂચક આક 1ના પોઈન્ટ સ્કેલ ઉપર 0.7 અને તેનાથી ઉપર હોય તો તેની ઊંચા માનવ વિકાસ સૂચક આંક તરીકે ગણના થાય છે.

ii) જો માનવ વિકાસ સૂચકઆંક 1 ના પોઈન્ટ સ્કેલ ઉપર 0.6 અને તેનાથી નીચે હોય તો તેની નીચા માનવ વિકાસ સૂચક આંક તરીકે ગણના થાય છે.

(A) ફક્ત i (B) ફક્ત ii
(C) i અને ii બંને સાચાં છે. (D) i અને ii બંને ખોટાં છે.

(147) નીચેના પૈકી કઇ જોડી સાચી રીતે જોડાયેલ છે?

(A) રિવર્સ રિપોરેટ : આ દરે RBI ટૂંકા સમયગાળા માટે બેન્કોને નાણાં ધીરે છે.
(B) રેપોરેટ : આ દરે વાણિજ્ય બેન્કો ટુંકા સમયગાળા માટે RBI ને નાણાં ધીરે છે.
(C) બેંક રેટ : સત્તાવાર વ્યાજનો દર જે દરે RBI બેન્કિંગ વ્યવસ્થાને લોન પૂરી પાડે છે.
(D) ઉપરના તમામ

(148) નીચેના પૈકી કયું સાચી રીતે જોડાયેલ છે?

i) મહેસૂલ ખાદ્ય = કુલ ખર્ચ - મહેસૂલ આવકો
ii) નાણાકીય ખાદ્ય = કુલ ખર્ચ - કુલ આવક, ઉધારને બાદ કરતાં
iii) પ્રાથમિક ખાદ્ય = નાણાકીય ખાદ્ય - વ્યાજની ચુકવણી

(A) ફક્ત i (B) ફક્ત i અને ii (C) ફક્ત ii અને iii (D) i, ii અને iii

(149) નીચેના પૈકી કયું ફુગાવાનું પુરવઠા બાજુનો ઘટક નથી?

(A) કાચામાલની કિંમત (B) વેતન
(C) પરિવહન બળતણ (D) વસ્તીમાં વધારો

(150) ભારતમાં નીચેના પૈકી કયું ક્ષેત્ર રોજગારીમાં સૌથી વધુ હિસ્સો ધરાવે છે?

(A) ઉત્પાદન (B) કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો
(C) બાંધકામ (D)સેવાઓ

(151) અર્થશાસ્ત્ર અને વાણીજ્યની ભાષામાં 'ઉત્કૃષ્ટ પ્રતિભૂતિ ધાર' બજાર એટલે શું?

(A)સોના - ચાંદી બજાર
(B) ઔદ્યોગિક સુરક્ષા બજાર
(C)સલામત સુરક્ષા (જેમ કે સરકાર) માટે બજાર
(D)સોફ્ટવેર ટેકનોલોજી/ સેવા ઉત્પાદન માટે બજાર

(152) ભારતની રાષ્ટ્રીય વસ્તી નીતિ, 2000 મુજબ કયા વર્ષ સુધીમાં આપણે વસ્તી સ્થિરીકરણ પ્રાપ્ત કરવાનો ધ્યેય રાખીએ છીએ?

(A) 2025 (B) 2035 (C) 2045 (D) 2055

(153) ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત નીચેની પૈકી કઇ બેન્કોનું નિરીક્ષણ NABARD દ્વારા કરવામાં આવે છે?

1) વ્યાપારી બેન્કો 2) રાજ્ય સહકારી બેન્કો
3) જિલ્લા કેન્દ્રીય સહકારી બેન્કો 4) પ્રાદેશીક ગ્રામીણ બેન્કો

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) 2 અને 3 (B) 1,2 અને 3 (C) 2,3 અને 4 (D) 1,3 અને 4

(154) નીચેના પૈકી કોણે ગરીબોને ધિરાણ સહાય માટે સ્વયંસહાયક જૂથની (SHG's) નાણાં વ્યવસ્થાને પ્રોત્સાહન આપ્યું?

(A) RBI`
(B) NABARD
(C) કેન્દ્રીય
(D) કેન્દ્રીય શ્રમ મંત્રાલય

(155) અર્થશોધન નિવારણ, પૈસાની અવૈધ હેરાફેરી એટલે શું?

(A) મની લોન્ડરિંગ એ વિદેશમાં વિદેશી ચલણ પરિવહન કરવાની પ્રક્રિયા છે.
(B) મની લોન્ડરિંગ નાણાં સ્ત્રોત છુપાવવાની પ્રક્રિયા છે.
(C) મની લોન્ડરિંગ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સહાય કરવા નાણાં પરિવહન કરવાની પ્રક્રિયા છે.
(D) મની લોન્ડરિંગ ટેક્સ હેવન્સમાંથી નાણાં પરિવહન કરવાની પ્રક્રિયા છે.

(156) કોણ ભારતમાં વિદેશી વિનિમય ભંડાર જાળવે છે?

(A) ભારતીય રીઝર્વ બેન્ક
(B)સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
(C) વિત્ત મંત્રાલય ભારત સરકાર
(D) ભારતની નિકાસ આયાત બેન્ક

(157) નીચેના પૈકી કયું ચુકવણીના શેષ બાકી રહેલા લેણાં હેઠળ ચાલુ ખાતાના ભાગરૂપે નથી?

(A) માલની નિકાસ અને આયાત
(B)સેવાઓની નિકાસ અને આયાત
(C) આવક પ્રાપ્તિ અને ચુકવણી
(D) મૂડી આવક અને ચુકવણી

(158) ઊર્જાના વૈકલ્પીક સંદર્ભે બાયોફ્યુઅલ તરીકે ઈથેનોલ ............ માંથી મેળવી શકાય છે.

(A) બટેટા
(B) ચોખા
(C) શેરડી
(D) ઘઉં

(159) નીચેના વિધાનો વિચારણામાં લઇને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1) રંગરાજન કમિટિએ વર્ષ 2014માં ગરીબીરેખા અંગે તેનો અહેવાલ આપ્યો હતો.

2) આ અહેવાલ અનુસાર ગરીબી રેખા માટે ગ્રામ્ય વિસ્તારમાં માસિક આવક રૂ. 972 અથવા દૈનિક આવક રૂ. 32 અને શહેરી વિસ્તાર માટે માસિક આવક રૂપિયા 1407અને દૈનિક આવક રૂપિયા 47 નિયત કરેલા હતા.

(A) વિધાન 1 સાચું અને 2 ખોટું
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

(160) જૂની ટેકનોલોજીના સ્થાને નવી ટેકનોલોજી અપનાવવામાં આવે ત્યારે અમુક સમય માટે શ્રમિક બેરોજગાર બને છે. આવી બેરોજગારીને શું કહે છે?

(A) ચક્રીય બેરોજગારી
(B) ઘર્ષણજન્ય બેકારી
(C) માળખાગત બેરોજગારી
(D) મોસમો બેરોજગારી

(161) ઓછામાં ઓછું વ્યકિતએ કેટલું શિક્ષણ મેળવ્યું હોય અને તે વ્યકિત બેરોજગાર હોય તો તે શિક્ષિત બેરોજગાર તરીકે ઓળખાય છે?

(A) પ્રાથમિક શિક્ષણ
(B)સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ
(C) માધ્યમિક શિક્ષણ
(D) અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ

(162) ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 1986 ના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઇને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1) આ નિયમ હેઠળ ટેલિફોનના દરો સામે ગ્રાહક વાંધો લઇ શકે છે.

2) બેન્કના કર્મચારીઓના આંદોલનને કારણે બેન્કિંગ સેવામાં વારંવાર તૂટ પડે તો આ નિયમ હેઠળ બેન્ક સામે ફરીયાદ થઇ શકે છે.

(A) બંને વિધાનો સાચાં છે. (B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે. (D) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

(163) ખુલ્લા બજારનો વાસ્તવિક ભાવ અને વાજબી ભાવની દુકાનોની વસ્તુઓના ભાવોનો તફાવત સરકાર ઉઠાવે છે તેને શું કહે છે?

(A) નફો (B) આર્થિક સહાય (C)સબસીડી (D) વેરા રાહત

(164) એગમાર્કનો કાયદો વર્ષ .......... માં અમલમાં આવ્યો હતો.

(A) 1937 (B) 1947 (C) 1956 (D) 1962

(165) નીચેના પૈકી કઇ ખેડૂત ચળવળ નથી?

(A) ખેડા ચળવળ (B) તેલંગાણા ચળવળ
(C) તબલીગી ચળવળ (D) તેભાગા ચળવળ

(166) કીર્તિ કૌમુદી ............. દ્વારા લખાયેલ છે.

(A)સોમેશ્વર (B) આચાર્ય મેરુતંગ (C) બારોટ (D) ચાંદ

(167) બેસનગરના સ્તંભનો શિલાલેખ કયાં ગ્રીક રાજદૂતનો ઉલ્લેખ કરે છે?

(A) હેલી ઓડોરસ (B) એન્ટિયલકિડાસ (C)સોટર (D) અગાથોકલ્સ

(168) અમોઘવર્ષ -I ના નીચેના પૈકી કયો શિલાલેખ કોલ્હાપુર લક્ષ્મી મંદિર ખાતે તેના ડાબા હાથની આંગળીના બલિદાનનો ઉલ્લેખ કરે છે?

(A) માન્ને શિલાલેખ (B) બેલ્લુર શિલાલેખ
(C)સંજાન શિલાલેખ (D) કોઈપણ નહી

(169) નીચેના પૈકી કયા સ્થળેથી શાહમૃગના ઈંડાની છાલના મણકા મળી આવ્યાના અહેવાલ છે?

(A)લાંઘણજ (B) જવાશીયા (C) મહેતાખેડી (D) પાટણ

(170) નીચેના પૈકી કોણે એવું અનુભવ્યું કે મુસ્લિમ રાજમાં ખૂબસૂરત, સમૃધ્ધ અને કિંમતી મંદિરો સલામત નથી?

(A) વલ્લભાચાર્ય (B) બાલગોપાલ (C) વિઠ્ઠલેશ્વર (D) બાઇ હરિર

(171) નીચેના પૈકી કઇ જોડીઓ ખોટી રીતે જોડાયેલી છે?

(A) અહેમદીય ચળવળ - મીરઝા ગુલામ અહમદ
(B) ફરાઈઝી ચળવળ - હાજી શરાઈતુલ્લાહ
(C) અલીગઢ ચળવળ - સર સૈયદ અહમદ ખાન
(D) ઉપરના પૈકી કોઇ નહીં

(172) પ્રખ્યાત ક્રાન્તીકારીઓ, લાલા હરદયાળ, ભાઇ પરમાનંદ અને સોહનસિંહ ભકના.......... ના ભાગ હતા.

(A) બ્રહ્મોસમાજ (B) આર્યસમાજ ચળવળ
(C) પ્રાર્થનાસમાજ (D) ભારત ધર્મ મહામંડળ

(173) ઋગ્વેદમાં ઉલ્લેખ થયેલ 'શુતુદ્રી' ............ છે.

(A) કન્યાને દર્શાવવા માટેનો એક શબ્દ (B) શુરા તૈયાર કરવામાં વપરાતો એક છોડ
(C) નદીનું નામ (D) બલિદાનનું પ્રાણી

(174) ડો.બી.આર. આંબેડકર દ્વારા નીચેના પૈકી કયા પક્ષની સ્થાપના કરવામાં આવી હતી?

(A) ભારતનો કિસાન મજદૂર પક્ષ (B)સ્વતંત્ર કામદાર પક્ષ
(C) A અને B બંને (D) ઉપરના પૈકી કોઇ નહી

(175) નીચેના પૈકી કયા પ્રદેશ 1857ના વિપ્લવથી અસરગ્રસ્ત થયા ન હતા?

(i) ઝાંસી (ii) જગદીશપુર (iii) લખનૌ (iv) હૈદરાબાદ
(A) ફક્ત ii અને iv (B) ફક્ત ii અને iii (C) ફક્ત iv (D) કોઇપણ નહી

(176) રાજા ......... ની દક્ષિણ તરફની કૂચ પુલકેશી -II દ્વારા નર્મદા નદીએ રોકવામાં આવી હતી.

(A) વિક્રમાદિત્ય I (B) વિક્રમાદિત્ય II (C)સમ્રાટ હર્ષ (D) કુમારપાળ

(177) મુઘલ સલ્તનતની પડતી દરમિયાન નીચેના પૈકીનો કયો સમુદાય સૂરજમલના નેતૃત્વ હેઠળ એક રાજકીય બળ તરીકે આયોજિત થયો?

(A) જાટ (B) ગુર્જર (C) શેખાવત (D) પરમાર

(178) રાષ્ટ્રીય આયોજન સમિતિની સ્થાપના ................દ્વારા કરવામાં આવી હતી?

(A) મહાત્મા ગાંધી (B) જવાહરલાલ નહેરુ
(C)સુભાષચંદ્ર બોઝ (D)લાલ બહાદુર શાસ્ત્રી

(179) નીચેનામાંથી કયું સિંધુ ખીણની સંસ્કૃતિને સર્વોત્તમ લાગે પડે છે?

(A) કાંસ્ય સંસ્કૃતિ (B) તામ્ર પાષાણ (ચાલ્કોલિથિક) સંસ્કૃતિ
(C) મહાપાષાણ સંસ્કૃતિ (D) કચથા સંસ્કૃતિ

(180) હડપ્પન શિલ્પની મણ્યમૂર્તિ કલા અને મહોરમાં નીચેના પૈકી કયા પ્રાણીનું પ્રતિનિધિત્વ નથી?

(A) ગાય (B) હાથી (C) ગેંડા (D) વાઘ

(181) જયદેવનું ગીતગોવિંદ કઇ ભાષામાં કૃત છે?

(A) પ્રાકૃત (B) પાલી (C)સંસ્કૃત (D) હિન્દી

(182) લોર્ડ વિલિયમ બેન્ટીક દ્વારા નીચેના પૈકી કયા સુધારા કરવામાં આવેલા હતા?

1) નોકરીઓમાં ભારતીયકરણ માટેના પગલાં 2) સતીપ્રથા નાબૂદી
3) ઠગોની નાબૂદી 4) અંગ્રેજી શિક્ષણને પ્રોત્સાહન
નીચેના સંકેતોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો.
(A) 2 અને 3 (B) 2,3 અને 4 (C) 2 અને 4 (D) 1,2,3 અને 4

(183) પ્રાચીન ભારતના આક્રમણકારોના સંદર્ભે નીચેના પૈકી કયું સાચા કાલક્રમિક ક્રમમાં છે?

(A) યુનાની - શક - કુષાણ (B) યુનાની - કુષાણ - શક
(C) શક - યુનાની - કુષાણ (D) શક - કુષાણ - યુનાની

(184) રૂા. 7500 સાદા વ્યાજે 5 વર્ષ માટે મૂકવાથી રૂા. 9,000 પરત મળે છે તો વ્યાજનો દર કેટલા ટકા હશે?

(A) 3% (B) 4%
(C) 6% (D) આમાંનું એકપણ નહી

(185) કિરણ એક કામ 40 દિવસમાં પૂર્ણ કરી શકે છે. તે 8 દિવસ કામ કર્યા બાદ કામ છોડી દે છે. મિલન બાકી વધેલું કામ 16 દિવસમાં પુર્ણ કરે છે તો બંને સાથે મળીને આ કામ કેટલા દિવસમાં પૂર્ણ કરી શકશે?

(A) 40/3 દિવસ (B) 24 દિવસ
(C) 32/3 દિવસ (D) આમાંથી એકપણનહી

(186) જો + નો અર્થ ×, – નો અર્થ÷, × નો અર્થ–, અને ÷નો અર્થ + હોય તો નીચેના સમીકરણની કિંમત શોધો : 19 + 8 ÷ 8 – 2 × 7

(A) 73 (B) 149 (C) 156 (D) 145

(187) એક પેટીમાં એક રૂપિયાના, પચાસ પૈસાના અને પચ્ચીસ પૈસાના સિક્કાઓ છે. કુલ 378 સિક્કાઓ છે આ સિક્કાઓની કિંમતનો ગુણોત્તર 13 : 11 : 7 છે, તો પેટીમાં પચાસ પૈસાના કેટલા સિક્કાઓ હશે?

(A) 168 (B) 136 (C) 78 (D) 132

(188) રાકેશ, રમેશ અને મોહનની વર્તમાન ઉંમર વચ્ચેનો ગુણોત્તર 3:4:5 છે અને તેમની હાલની ઉંમરની સરેરાશ 28 વર્ષ છે તો સાત વર્ષ પછી રમેશ અને મોહનની સાથે મળીને ઉંમરનો કુલ સરવાળો કેટલો થાય?

(A) 49 વર્ષ (B) 63 વર્ષ (C) 77 વર્ષ (D) 56 વર્ષ

(189) છગનનો પગાર 20% ઘટાડવામાં આવે છે, તે જે પગાર મેળવતો હતો તે ફરીથી આપવા માટે હાલના તેના પગારધોરણમાં કેટલા ટકાનો વધારો કરવો પડે?

(A) 20% (B) 16% (C) 22% (D) 25%

(190) જો ગેસનું બિલ સમયસર ભરવામાં આવે તો વળતર 7.5% આપવામાં આવે છે એક વ્યકિતને વળતર રૂપિયા 31 અને 50 પૈસા મળે છે તો બિલ કેટલા રૂપિયાનું હશે?

(A) 280 (B) 420 (C) 360 (D) 430

(191) એક ટાંકીમાં એ અને બી બે નળ છે, જે અનુક્રમે 60 મિનિટ અને 75 મિનિટમાં ટાંકી ભરી દે છે અને આ ટાંકીમાં ત્રીજો નળ સી છે જે ટાંકી ખાલી કરે છે જો એ, બી અને સી ત્રણેય નળ એકસાથે ખોલવામાં આવે તો ટાંકી 50 મિનિટમાં ભરાય છે આ ટાંકી ખાલી કરવામાં નળ સી ને કેટલો સમય લાગે?

(A) 100 મિનિટ (B) 90 મિનિટ (C) 110 મિનિટ (D) 120 મિનિટ

(192) 65% .... ? ...... ના = 422.50 ના20%

(A) 65 (B) 130 (C) 84.5 (D) 160

(193) રમેશનો વાર્ષિક પગાર રૂપિયા 3.84 લાખ છે. તે બાળકોના શિક્ષણ માટે પ્રતિમાસ રૂા. 6000 ખર્ચ કરે છે અને બાકી રહેલી રકમના 1/3 ભાગ ભોજન માટે ખર્ચ કરે છે તથા 4000 રૂપિયા મ્યુચ્યુઅલ ફંડમાં રોકે છે તો તેની માસિક બચત કેટલા રૂપિયાની હશે?

(A) 22,000 રૂપિયા (B) 25,000 રૂપિયા
(C) 20,000 રૂપિયા (D) આમાંથી એકપણ નહી

(194) એક દ્વિઅંકી સંખ્યા 11100.001 છે, તો દશાંશ પદ્ધતિમાં તેને નીચે પૈકી કઇ રીતે લખાશે?
(A) 281.125 (B) 28.125
(C) 27.125 (D) આમાંનું એકપણ નહી

(195) એક વર્તુળાકાર મેદાનની ફરતે એક વર્તુળાકાર રસ્તો છે આ રીતે બનતા બાહ્ય વર્તુળ અને અંતર વર્તુળનો પરીઘનો તફાવત 132 મીટર હોય તો રસ્તાની પહોળાઇ કેટલી હશે?
(A) 21 મીટર (B) 28 મીટર
(C) 42 મીટર (D) આમાંનું એકપણ નહી

(196) એક બેટ્સમેને 10 ઈનિંગમાં કરેલ રનની સરેરાશ 32 છે જો તેને સરેરાશ 4 જેટલી વધારવી હોય તો આગામી ઈનિંગમાં તેણે કેટલા રન કરવા પડશે?
(A) 78 (B) 77
(C) 78 (D) આમાંનું એક પણ નહી

(197) એક ટ્રેન પ્લેટફોર્મને 36 સેકન્ડમાં તથા પ્લેટફોર્મ પર ઉભેલા માણસને 20 સેકન્ડમાં પસાર કરે છે. જો તેની ઝડપ 54 કિમી/કલાક હોય તો પ્લેટફોર્મની લંબાઇ કેટલી હશે?
(A) 200 મીટર (B) 224 મીટર (C) 240 મીટર (D) 300 મીટર

(198) એક પેટીમાં 6 લાલ, 4 પીળા અને 3 ગુલાબી દડા છે, જો તેમાંથી 5 દડા યાદચ્છ રીતે ઉપાડવામાં આવે તો તે પૈકી એકપણ દડો લાલ ન હોય તેની સંભાવના કેટલી?
(A) 33/442 (B) 1/13
(C) 15/167 (D) આમાંનું એકપણ નહી

(199) 2.55% of 440 + 0.366 % of 4880 નું આશરે મૂલ્ય કેટલુ થશે?
(A) 25 (B) 29 (C) 35 (D) 38

(200) 21, 36 અને 66 દરેક વડે વિભાજ્ય હોય તેવી લઘુતમ પૂર્ણવર્ગ સંખ્યા કઇ હશે?
(A) 212334 (B) 212344 (C) 213344 (D) 213444

નવી GPSC ની બેચ માં પ્રવેશ શરૂ છે.

અમારા આવા મોડેલ પેપર અને કરંટ અફેર્સ મેળવવા માટે અમારી Telegram Channel Join કરવા અહિં કિલક કરો.

https://t.me/bharatacademy

R.P.S.C पेपर - 2 - 200 - अंक - Ans Key

– A
– D
– C
– A
– C
– D
– D
– C
– B
– C
– B
– C
– B
– C
– B
– B
– D
– D
– C
– A
– D
– B
– A
– C
– C
– B
– C
– B
– B

30 – B
31 – B
32 – D
33 – C
34 – D
35 – B
36 – A
37 – D
38 – A
39 – B
40 – D
41 – A
42 – A
43 – C
44 – D
45 – A
46 – D
47 – C
48 – C
49 – B
50 – C
51 – B
52 – C
53 – C
54 – D
55 – A
56 – C
57 – D

58 – D
59 – D
60 – C
61 – B
62 – C
63 – A
64 – D
65 – B
66 – A
67 – A
68 – C
69 – C
70 – B
71 – C
72 – C
73 – B
74 – C
75 – D
76 – B
77 – B
78 – D
79 – B
80 – D
81 – A
82 – C
83 – D
84 – C
85 – A
86 – C

87 – D
88 – C
89 – C
90 – A
91 – D
92 – D
93 – B
94 – C
95 – A
96 – D
97 – B
98 – B
99 – D
100 – B
101 – B
102 – B
103 – B
104 – C
105 – A
106 – B
107 – A
108 – B
109 – D
110 – C
111 – B
112 – A
113 – D
114 – B
115 – A
116 – C

117 – D
118 – A
119 – C
120 – B
121 – D
122 – A
123 – C
124 – B
125 – C
126 – D
127 – A
128 – C
129 – B
130 – A
131 – A
132 – B
133 – B
134 – C
135 – D
136 – C
137 – A
138 – C
139 – C
140 – B
141 – C
142 – A
143 – A
144 – A
145 – B
146 – A
147 – C
148 – D

149 – D
150 – B
151 – C
152 – C
153 – C
154 – B
155 – B
156 – A
157 – D
158 – C
159 – C
160 – B
161 – C
162 – D
163 – C
164 – A
165 – C
166 – A
167 – A
168 – B
169 – D
170 – C
171 – D
172 – B
173 – C
174 – B
175 – D
176 – C
177 – A
178 – C
179 – A
180 – A
181 – C

182 – D
183 – A
184 – B
185 – A
186 – B
187 – D
188 – C
189 – D
190 – B
191 – A
192 – B
193 – C
194 – B
195 – A
196 – A
197 – C
198 – D
199 – B
200 – D